RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 51 *Date: 10.12.2024,Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ગુજરાતમાં ડ્રગ્સનો કારોબાર ફૂલ્યોફાલ્યો

# ડ્રગ્સના ઓવરડોઝના લીધે યુવાનનું મોત




અમદાવાદમાં દિવસે ને દિવસે ડ્રગ્સનું દૂષણ વધતું જાય છે. રાજ્યમાંથી દરરોજ હજારો-કરોડોનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવે છે. પરંતુ તેમછતાં અમદાવાદ જેવા મોટા શહેરોમાં સરળતાથી ડ્રગ્સ મળી રહે છે. ત્યારે અમદાવાદના વટવા વિસ્તારમાં રહેતા ૧૮ વર્ષ યુવકનું ડ્રગ્સના ઓવરડોઝના લીધે મોત નીપજતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના ઈસનપુરમાં ૧૮ વર્ષ યુવકનું ડ્રગ્સના ઓવરડોઝના લીધે મોત થયું હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. મૃતકનું નામ પ્રિન્સ શર્મા છે અને તે વટવા વિસ્તારનો રહેવાસી છે. તેના કમ્પાઉન્ડર મિત્રએ નશાકારક દવાનો ઓવરડોઝ આપ્યો હોવાનો ખુલાસો થયો છે. પ્રિન્સ શર્મા નામનો યુવક ઈસનપુર વિસ્તારમાં આવેલા એક ગાર્ડનમાં ડ્રગ્સ લેતાં લેતાં ઢળી પડતાં તે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

હોસ્પિટલમાં ફરજ પર તબીબોની ટીમ યુવકને મૃત જાહેર કર્યો હતો અને પોલીસને જાણ કરી હતી. પોલીસે મૃતક પ્રિન્સ શર્માના મૃતદેહને ઈએમ અર્થે મોકલી દીધો છે અને પીએમ રિપોર્ટ બાદ સમગ્ર હકિકત બહાર આવશે. તો બીજી તરફ પોલીસ મૃતકના કમ્પાઉન્ડર મિત્રની અટકાયત છે. આ કમાઉન્ડર દરરોજ ૨૦૦ જેટલા યુવકોને ઈંજેક્શન આપતો હોવાની માહિતી મળી છે. પોલીસ હાલમાં ઉંડી તપાસ કરી રહી છે, તપાસ વધુ વિગતો સામે આવશે. રાજયમાંથી હજારો કિલો ડ્રગ્સ પકડાઈ રહ્યું છે ત્યારે ભાજપ સરકાર વાહવાહી લૂંટે છે, પરંતુ પાછલા બારણે કેટલું ડ્રગ્સ વેચાતું હશે તે જનતાને મૂંઝવતો સવાલ છે. આજે ગુજરાત જાણે નશાખોરીનું એપિસેન્ટર બની રહ્યું હોય તેવુ ચિત્ર ઉપસ્યુ છે. ગાંધીના ગુજરાતમાં દારૂબંધી અમલમાં છે ત્યારે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૯૩૬૯૧ કિલો ડ્રગ્સ, ૨૨૨૯ લીટર પ્રવાહી ડ્રગ્સ તથા ૭૩૧૬૩ ડ્રગ્સ પીલ્સ-ઈન્જેક્શન પકડાયા છે. આમ, ગુજરાત ડ્રગ્સ તસ્કરીનું સિલ્ક રૂટ બની રહ્યું છે.ડ્રગ્સની બદીને નાથવા માટે પૂરતો પોલીસ ફોર્સ પણ નથી. કેન્દ્ર સરકારના અહેવાલ અનુસાર દેશના પ્રતિ લાખ જનસંખ્યા પ્રમાણે ૧૯૬ પોલીસ જવાન હોવા જોઈએ. અત્યારે ગુજરાતમાં પ્રતિ લાખ માત્ર ૧૧૭ પોલીસ જવાન છે જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ ઓછી સંખ્યા છે. ગુજરાતમાં ડ્રગ્સની બદીને નાથવામાં ભાજપ સરકાર નિષ્ફળ નીવડી છે. મોંઘવારી, બેરોજગારી ઉપરાંત અન્ય કારણોસર સગીર વયના બાળકો, મહિલાઓને ડ્રગ્સની તસ્કરી માટે ડ્રગ્સ માફિયાઓ ઉપયોગ કરી રહ્યા છે. રાષ્ટ્રીય સર્વે અનુસાર ગુજરાતમાં વર્ષ ૨૦૧૮ના આંકડા પ્રમાણે રાજયના ૧૭ લાખ ૩૫૦૦૦ પુરુષો ડ્રગ્સના બંધાણી જયારે ૧ લાખ ૮૫ મહિલાઓ ડ્રગ્સની બંધાણી છે. આ જ દર્શાવે છે કે, ગુજરાતમાં ડ્રગ્સનો કારોબાર ફૂલ્યોફાલ્યો છે.

## PMJAY યોજનામાં ગેરરીતિઃ રાજ્યની ૫ હોસ્પિટલ અને ૨ ડોક્ટર સસ્પેન્ડ

તાજેતરમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય- મા યોજના અંતર્ગત ગેરરીતિ આચરવામાં આવતી હોવાની ઘટનાઓ સામે આવી છે. ત્યારે રાજયના આરોગ્ય વિભાગે આ પ્રકારને હૉસ્પિટલ્સ અને ડૉક્ટર્સ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. જેના પગલે પાટણ જિલ્લાની હિર ચિલ્ડ્રન હૉસ્પિટલ, નિષ્કા ચિલ્ડ્ર્ન હૉસ્પિટલ અને નિયોનેટલ કેર, દાહોદ જિલ્લાની સોનલ હૉસ્પિટલ, અમદાવાદ જિલ્લાની સેન્ટારા ઓર્થોપેડિક હૉસ્પિટલ અને અરવલ્લી જિલ્લાની શ્રી જલારામ ચિલ્ડ્રન હૉસ્પિટલમાં વિવિધ ખામીઓ અને ગેરરીતિ જોવા મળતાં સ્ત્નછ૭રૂ-મા યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવી છે.અત્રે ઉલ્લેખનીય છે કે જેના અંતર્ગત ગત અઠવાડિયામાં ૨ ડિસેમ્બર થી ૮ ડિસેમ્બર સુધીમાં રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ૫ હૉસ્પિટલ અને ૨ ડૉક્ટરની ગેરરીતિઓ સામે આવી છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય—મા યોજના અંતર્ગતની જીછહ્લેં (સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટ) એ તજજ્ઞ તબીબોની ટીમ સાથે રાખીને રાજ્યમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી શંકાસ્પદ હૉસ્પિટલ્સની મુલાકાત કરી હતી. દાહોદની સોનલ હૉસ્પિટલમાં યોજનાની માર્ગદર્શિકા મુજબ મેન પાવર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ન હોવાનું અને ઈન્ફેક્શન કંટ્રોલને લગતી કામગીરીમાં પણ ઉણપ હોવાનું જણાતા આ હૉસ્પિટલને પણ સસ્પેન્ડ કરાઇ છે. જ્યારે અમદાવાદની સેન્ટારા ઓર્થોપેડિક હૉસ્પિટલમાં ચોથા અને પાંચમાં માળનું બી.યુ. પરમિશન ન હોવાનું, માર્ગદર્શિકા મુજબ સ્ટાફ અને મોડ્યુલર ઓટીનો અભાવ તેમજ કેટલીક એક્સપાયર્ડ દવાનો જથ્થો મળી આવતાં આવતા હૉસ્પિટલને બી.યુ. પરમિશન ન મળે તેમજ ખામીઓ દૂર ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરાઇ છે.

## વિદેશી સિગારેટના બંધાણી બન્યા ગુજરાતના યુવાનો, રેડિમેડ વસ્ત્રોની આડમાં ધૂમ દાણચોરી

ગુજરાત સહિત ભારતમાં તમાકુ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. એટલુ જ નહીં, ઉપયોગિતા ઘટે તે હેતુસર તમાકુ પર વેરો પણ વધુ છે. આ કારણોસર વિદેશી સિગારેટની ધૂમ દાણચોરી થઈ રહી છે. ગુજરાતમાં પણ સસ્તી બ્રાન્ડની વિદેશી સિગારેટની ડિમાન્ડ વધી છે. છેલ્લાં ચારેક વર્ષમાં જ ગુજરાતમાંથી અંદાજીત ૮૫ કરોડ રૂપિયાની વિદેશી સિગારેટ પકડાઈ છે. યુવાનો તમાકુના બંધાણી ન બને તે માટે સરકાર તમાકુની બનાવટનો ઓછામાં ઓછો ઉપયોગ થાય તે દિશામાં પ્રયત્નશીલ છે. જેના માટે સરકાર તમાકુ અને તમાકુની બનાવટ પર વધુમાં વધુ કર લગાવે છે, જેથી તેનો ઉપયોગ ઘટાડી શકાય. હવે સિગારેટ સહિત તમાકુની બનાવટો મોંઘી થઈ છે ત્યારે સસ્તી વિદેશી સિગારેટની માંગમાં વધારો થાય છે. આ જોતાં વિદેશી સિગારેટની ધૂમ દાણચોરી થઈ રહી છે. આંતરરાષ્ટ્રીય સ્મગલર્સ મોટા પાયે વિદેશી સિગારેટ ભારતમાં ઠાલવી રહ્યા છે. સ્મગલરોનું આખું ય સુવ્યવસ્થિત નેટવર્ક ગોઠવાયેલું છે.ભારતમાં વિવિધ બંદરો પર વિદેશી સિગારેટનો જથ્થો ઠલવાઈ રહ્યો



છે. જાણવા મળી રહ્યું છે કે, રેડિમેડ વસ્ત્રો સહિત અન્ય ચીજવસ્તુઓની આડમાં વિદેશી સિગારેટનો ધૂમ વેપલો થઈ રહ્યો છે. જોકે, કસ્ટમ સહિત અન્ય એજન્સીઓની વિદેશી સિગારેટના દાણચોરો પર બાજ નજર છે. કેન્દ્રીય આરોગ્ય વિભાગે પણ આ વાતનો ખુલાસો કર્યો કે, વર્ષ ૨૦૨૧-૨૨થી માંડીને વર્ષ ૨૦૨૪-૨૫ના સમયગાળા દરમિયાન ગુજરાતમાંથી ૫.૧૨ કરોડ નંગ વિદેશી સિગારેટ પકડાઈ છે, જેની કિંમત ૮૫ કરોડ રૂપિયા થવા જાય છે. નફાની લ્હાયમાં નાના વેપારીઓ વિદેશી સિગારેટના ખરીદદાર બન્યા છે કેમકે, યુવાઓને મોંઘી સિગારેટ પોષાય તેમ નથી. આ જોતાં યુવાઓ અનરજિસ્ટર્ડ બ્રાન્ડની સસ્તી વિદેશી સિગારેટના બંધાણી બન્યા છે. યુવાઓ કદાચ એ વાતથી અજાણ હશે કે, વિદેશી સિગારેટમાં કેડમિયમનું પ્રમાણ વધુ હોય છે જે માનવ સ્વાસ્થ્ય માટે જોખમી પુરવાર થઈ શકે છે.

## સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં PGVCLની ટીમના દરોડા, લાખો રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ

સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં PGVCL દ્વારા વીજ ચોરી સામે કાર્યવાહી કરવા આવી રહી છે. ગીર-સોમનાથ અને જામનગર જિલ્લાની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં લાખો રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ હતી.મળતી માહિતી અનુસાર, પીજીવીસીએલની ટીમ દ્વારા ગીર-સોમનાથનાં



દામલી, દેવળી સીધાજ, કડોદરા ગામમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. વીજ કર્મચારીઓ દ્વારા ૪૫૦ કનેક્શન ચેક કરવામાં આવ્યા હતા. જેમાં ૧૮ લાખ રૂપિયાની વીજ ચોરી ઝડપી પાડવામાં આવી હતી.જામનગર જિલ્લામાં પીજીવીસીએલ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં જામનગરનાં લખાબાવળ, સરમત, કલ્યાણપુર સહિતનાં વિસ્તારોમાં વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પીજીવીસીએલની ૩૬ ટીમે ૩૩૭ વીજ કનેક્શનમાં તપાસ કરી હતી. જેમાંથી ૭૪ વીજ જોડાણમાં ગેરરીતિ ઝડપાઈ હતી. તેઓને ૫૯.૬૫ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

## મદદ જોઈતી જ હોય તો અમેરિકાનું એક રાજ્ય બની જાય કેનેડાઃ ટ્રમ્પની ટ્રુડો સરકારને ધમકી

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ શપથ ગ્રહણ કર્યા પહેલાં જ આકરા વલણોથી સૌ કોઈને હતપ્રભ કરી રહ્યા છે. ટ્રમ્પે અમેરિકાના બે પાડોશી દેશોને સુધરી જવાની ચેતવણી આપવાની સાથે એક ઓફર પણ આપી રહ્યા છે. ગઈકાલે રવિવારે ટ્રમ્પે જાહેરાત કરી હતી કે, અમેરિકા તેના બે પાડોશી દેશો કેનેડા અને મેક્સિકોને અનુક્રમે ૧૦૦ અબજ ડોલર અને ૩૦૦ અબજ ડોલરની સબસિડી આપી રહ્યું છે. આ બંને દેશોની સ્થિતિને જોતાં તેમણે અમેરિકાનો હિસ્સો બની જવું જોઈએ. વધુમાં ચેતવણી પણ આપી હતી કે, 'જો કેનેડા અને મેક્સિકો તેમના સંબંધિત



પ્રદેશોમાંથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના પ્રવાહને અમેરિકામાં પ્રવેશતાં અટકાવવામાં આવશે નહીં, તો તે બંને દેશો પર ભારે ટેરિફ લાદશે.'ટ્રમ્પે ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, 'કેનેડાને દર વર્ષે ૧૦૦ અબજ ડોલરથી વધુની સબસિડી આપીએ છીએ. અમે મેક્સિકોને અંદાજે ૩૦૦ અબજ ડોલર જેટલી સબસિડી આપી રહ્યા છીએ. જો આમ જ ચાલતું રહેવાનું હોય તો આ બંને દેશોએ અમેરિકાનો હિસ્સો બની જવુ જોઈએ. શા માટે આપણે આ દેશોને સબસિડી આપીએ છીએ? જો આપણે જ આ દેશોને આર્થિક સહાય કરી રહ્યા છીએ, તો તેઓએ અમેરિકાનું એક રાજ્ય બની જવુ જોઈએ.'અમેરિકામાં પાંચ નવેમ્બરે રાષ્ટ્રપતિ ચૂંટણી જીત્યા બાદ ટ્રમ્પનો આ પ્રથમ ઈન્ટરવ્યૂ હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે, 'અમે વિશ્વના અનેક દેશઓને સબસિડી આપી રહ્યા છીએ. હું બસ એટલું જ કહેવા માગું છું કે, તમામને સમાન, તીવ્ર, અને નિષ્પક્ષ તકો મળે. ટેરિફથી અમેરિકાને કોઈ નુકસાન નહીં થાય. આપણી અર્થવ્યવસ્થા મજબૂત છે. હું યુદ્ધનો જવાબ ટેરિફ મારફત આપવા માગું છું.

## અલ્લુ અર્જુનની ફિલ્મે ૪ દિવસમાં ૮૦૦ કરોડની કમાણી કરી બનાવ્યો રેકોર્ડ

અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાની 'પુષ્પા ધી રુલ' હાલ બોક્સ ઓફિસ પર ટંકશાળ પાડી રહી છે. હવે એવા અહેવાલ આવ્યા છે કે ફિલ્મનો ત્રીજો ભાગ આવતાં કદાચ ૬ વર્ષ જેટલો લાંબો સમય લાગી શકે છે. બીજી તરફ, 'પુષ્પા ૨'એ માત્ર ૪ દિવસમાં વર્લ્ડવાઈડ ૮૦૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરીને નવી સિદ્ધી હાંસલ કરી લીધી છે. ફિલ્મ મેકર્સે આ વાતની માહિતી આપતા પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર પોસ્ટ કરી છે. ફિલ્મ મેકર્સે ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલથી પોસ્ટર શેર કરીને લખ્યું કે, × 'પુષ્પા ૨' ૪ દિવસમાં ૮૨૯ કરોડની વર્લ્ડવાઇડ કમાણી કરતાની સાથે ૮૦૦ કરોડનો આંકડો પાર કરનારી સૌથી ઝડપી ભારતીય ફિલ્મ બની ગઈ છે.×ફિલ્મનો પહેલો ભાગ ડિસેમ્બર ૨૦૨૧માં રીલિઝ થયો હતો. તે પછી બીજો ભાગ ત્રણ વર્ષે આવ્યો છે. બીજો ભાગ પણ મૂળ પ્લાનિંગ કરતાં લગભગ ચારથી છ મહિના મોડો રીલિઝ કરાયો છે. હવે ફિલ્મની ટીમ દ્વારા ત્રીજા ભાગની પણ હિન્ટ આપી દેવામાં આવી છે. જોકે, સાઉથના સૂત્રોના જણાવ્યા અનુસાર, ત્રીજા ભાગનું શૂટિંગ બહુ જલ્દી શરુ થવાની સંભાવના ઓછી છે.

## તંત્રી સ્થાનેથી..

# વિદેશી રોકાણ મામલે ભારત લોકપ્રિય દેશ બન્યો

ભારતીય અર્થતંત્રમાં વિશ્વનો વિશ્વાસ વધી રહ્યો છે. ખાસ કરીને વર્ષ ૨૦૦૦ બાદથી વિદેશી રોકાણ માટે ભારત લોકપ્રિય સ્થળ બન્યું છે. તેમાં પણ કોવિડ ૧૯ મહામારી બાદ ઘણા ટોચના દેશો ભારતમાં રોકાણ કરવા ડાયવર્ટ થયા છે. ૨૦૨૪માં પ્રથમ છ માસમાં એફડીઆઈ ૨૯ ટકા વધ્યું છે. છેલ્લા ૨૪ વર્ષમાં એફડીઆઈ (ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ) ૧ લાખ કરોડ ડોલર નોંધાયું છે.

ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ દ્વારા જારી કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર, ભારતમાં એપ્રિલ ૨૦૦૦થી સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન આશરે ૮૫ લાખ કરોડ (૧ લાખ કરોડ ડોલર)નું ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ નોંધાયું છે. જે વૈશ્વિક સ્તરે સુરક્ષિત અને અગ્રણી રોકાણ સ્થળ તરીકે દેશની લોકપ્રિયતા દર્શાવે છે. આ સમયગાળા દરમિયાન એફડીઆઈની કુલ રકમ ૧,૦૩૩.૪૦ અબજ ડોલર હતી, જેમાં ઈક્વિટી, રિઈન્વેસ્ટમેન્ટ, અને અન્ય રોકાણો સામેલ છે. છેલ્લા ૨૪ વર્ષમાં સૌથી વધુ વિદેશી રોકાણ મોરેશિયસમાંથી આવ્યું છે, જે કુલ એફડીઆઈમાં લગભગ ૨૫ ટકા હિસ્સો ધરાવે છે. જ્યારે સિંગાપોરનો હિસ્સો ૨૪ ટકા છે, અમેરિકાનો હિસ્સો પણ ૧૦ ટકા એફડીઆઈ છે. આ સિવાય નેધરલેન્ડ (૭ ટકા), જાપાન (૬ ટકા), બ્રિટન (૫ ટકા), યુએઈ (૩ ટકા) અને કેમેન આઈલેન્ડ, જર્મની અને સાયપ્રસે પણ ભારતમાં એફડીઆઈના હિસ્સામાં યોગદાન આપ્યું છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય લાંચ - રૂશ્વત વિરોધી દિવસ યોજાયો : ગૃહમંત્રીશ્રીની ઉપસ્થિતિ






આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ભ્રષ્ટાચારમાં બે શબ્દો છે ભ્રષ્ટ અને આચાર જ્યારે કોઈ વ્યક્તિ પોતાના હક્કની બહારનું અને જરૂરિયાત કરતા વધારાનું મેળવવાના શોર્ટકટ શોધે ત્યારે નૈતિકતા ગુમાવે છે અને ભ્રષ્ટાચારને પોષે છે. મુખ્યમંત્રીશ્રી આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસે ગાંધીનગરમાં રાજ્ય સરકારના લાંચરુશ્વત વિરોધી બ્યુરો દ્વારા આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરી રહ્યા હતા. ભ્રષ્ટાચાર - લાંચરુશ્વતની બદી સામે અવાજ ઉઠાવીને ભ્રષ્ટાચાર આચરનારા રુશ્વત માંગનારા અધિકારીઓ - કર્મચારીઓને જબ્બે કરવામાં છઝમ્ને સહાયક બનેલા સામાન્ય નાગરિકો એવા ૧૦ જેટલા ફરિયાદીઓનું ઝછઇઇ અંતર્ગત સન્માન પણ મુખ્યમંત્રીશ્રીએ ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને મુખ્ય સચિવ શ્રી રાજકુમારની ઉપસ્થિતિમાં કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં સામાન્ય માનવીની ભાગીદારી જોડવા આપેલી પ્રેરણા અનુસાર એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ૨૦૨૪થી આ ઝછઇઇ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. ભ્રષ્ટાચાર વિરુદ્ધ ફરિયાદ આપનારા ફરિયાદીને કોઈ હેરાનગતિ ન થાય તે માટે યોગ્ય સુરક્ષા, સહાયતા પૂરી પાડવા સાથે ફરિયાદીનો રૂબરૂ સંપર્ક કરી વિગતો, સૂચનો મેળવીને તેની રજૂઆતોના અનુસંધાને નિવારણ પણ લાવવામાં આવે છે. આ ઝછઇઇ પ્રોગ્રામ અન્વયે ૧૮૬૪ ફરિયાદીનો રૂબરૂ સંપર્ક કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, આવા ફરિયાદીઓ પાસેથી મળેલા ૧૭૫ સૂચનો અને ૭૨ જેટલી રજૂઆતો મેળવીને ૨૩ જેટલા કેસમાં નિરાકરણ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઝછઇઇ અંતર્ગત ફરિયાદ કરનારા નાગરિકોને તેમની જાગરૂક્તા અંગે પ્રમાણપત્રો આપી સન્માનિત કર્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં એક મોટો બદલાવ આવ્યો છે. જો લોકોનું ભલું કરવાની ઈચ્છાશક્તિ હોય તો એક વ્યક્તિ કેવા સારા પરિણામો લાવી શકે તેનું દેશ સમક્ષ આ એક મોટું ઉદાહરણ છે તેમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાનશ્રીએ દેશને ૧૧મી આર્થિક મહાસત્તાથી પાંચમા ક્રમે લાવી દીધો છે અને હવે વિકસિત ભારત જ ૨૦૪૭ અન્વયે ભારતને ત્રીજી મોટી આર્થિક મહાસત્તા બનાવવાનો તેમનો સંકલ્પ છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે એન્ટીકરપ્શન બ્યુરોના રાજ્યભરના અધિકારીઓ - કર્મચારીઓને પ્રેરણા આપતા ઉમેર્યું કે ટીમવર્કથી અને ક્યાંય કોઈ ખચકાટ વિના કરપ્શન સામેની લડાઈ લડવામાં પાછા ના પડશો. રાજ્ય સરકાર તમારી પડખે રહેશે. મુખ્યમંત્રીશ્રીએ ધર્મ અને કર્મનો મર્મ સચોટતાથી સમજાવતા કહ્યું કે, આપણાં ધર્મ, સંસ્કૃતિ, સંપ્રદાય બધામાં નકારાત્મકતાથી બહાર આવી પોઝિટિવિટીથી જીવન જીવવાની વાત કહી છે. નિજાનંદમાં અને સુખમાં રહેવું હોય તો નૈતિકતા પૂર્ણ આચરણ વ્યવહારને એવી રીતે અપનાવીએ કે રાત્રે નિરાંતની નિંદ્રા લઈ શકાય એમ પણ તેમણે ફરજનિષ્ઠા, કર્તવ્યપાલનમાં નૈતિકતાનો સંદર્ભ આપતા ઉમેર્યું હતું. ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ રાજ્યના સામાન્ય નાગરિકોને પોતાનો હક્ક અને ન્યાય અપાવવા લાંચ રૂશ્વત વિરુદ્ધ લડાઈ લડી રહેલી એન્ટી કરપ્શન બ્યુરોની સમગ્ર ટીમને અભિનંદન પાઠવતા કહ્યું કે, લાંચ રૂશ્વત એટલે માત્ર એક શબ્દ નહી, પરંતુ તે આપણાં સમાજમાં વિકાસના માર્ગ આડે રહેલો એક મોટો અવરોધ છે. જે ન્યાય, સમાનતા અને પારદર્શકતાના મૂલ્યોની સાથે-સાથે નાગરિક હિતોને પણ નુકસાન પહોંચાડે છે.

# ચા કંપનીનો લોગો બદલવા રાજુ રદીનું આહ્વાન!

" લો મેં મીઠું કરો'' આટલું કહી રાજુ રદીએ અંજીર રોલનું બોકસ મારી તરફ લંબાવ્યું.

" વાહ . આટલી મોંઘી મિઠાઈ!'' મેં હરખ કર્યો.

" મારા પાસા પોબાર પડશે તો ગિરધરભાઈ તમને ખુશ કરી નાંખીશ. દસ રુપિયાની કટીંગ ચા નહીં પણ દા હોંગ પાઓ ચા પીવડાવીશ''રાજુએ ફૂલ કોન્ફિડન્સથી વાત કરી.

" આ દા હોંગ પાઓ કંઈ બલા છે? ચીનનું શહેર છે કે કોઈ નેતાનું નામ છે?'' હું કન્ફયુઝડ થયો.

" ગિરધરભાઈ. દુનિયાની મોંઘામાં મોંઘી ચાનું નામ છે. તેની કિંમત સાંભળશો તો ચક્કર ખાઈને નીચે પડશો!!'' રાજુએ મારી મધ્યમવર્ગીય મેન્ટાલિટી પર તેજ કસ્યો!

" રાજુ કેટલી કિંમત છે!! હજાર રૂપિયા ? દસ હજાર રૂપિયા , લાખ રુપિયા? દસ લાખ રુપિયા ??'' મેં રાજુને સવિકલ્પ પૂછયું.

"ગિરધરભાઈ. ચાની દુનિયા ગજબ છે. આપણે ચાના નામે કચરો ગટગટાવીએ છીએ. આપણે મમરી ચાને બેસ્ટ માનીએ છીએ. હકીકતમાં ડસ્ટ એટલે ભૂકી ચા બેસ્ટ હોય છે. ચા હકીકતમાં જંગલી છોડ છે. ચાની શોધ ચીનમાં થયેલ છે. હકીકતમાં ચાની શોધ ભૂલથી થઈ હતી. મીડિયા રિપોર્ટ મુજબ પૂર્વ ચાઈનાના બીજા રાજા શેન નૂંગે ભૂલથી ચાની શોધ કરી હતી. ખરેખર, એવુ થયુ હતુ કે શેનને ગરમ પાણી પીવાની ટેવ હતી. એક વખત તેમનો સેવક તેમના માટે પાણી ગરમ કરી રહ્યો હતો, જેમાં ભૂલથી ચાના પાંદડા પડી ગયા. આ પાણી જ્યારે રાજાએ પીધુ ત્યારે એક અલગ પ્રકારની તાજગીનો અહેસાસ થયો. તેમણે સેવકને પૂછ્યું કે આ ગરમ પાણીમાં શું મિલાવ્યુ હતું તો તેણે રાજાને આખી વાતનો ચિતાર આપ્યો. બસ ત્યારથી તેઓ ચા પીવા લાગ્યા.'' રાજુએ ચા વિશેનું વિશેષ જ્ઞાન પીરસ્યું!!

" રાજુ. ચા ફક્ત તમને તાજગી નહીં પરંતુ સાથે-સાથે શક્તિ પણ આપે છે અને આખરે એ જ કારણ છે કે ચીને ૪૭૦૦ વર્ષ પહેલા શોધેલી ચા અંગે નવમી સદી સુધી દુનિયાને જાણ થઈ નહોતી. બાદમાં જાપાનને આ અંગે ખબર પડી એટલે જાપાને આ વાત યુરોપ સુધી પહોંચાડી. આવી રીતે ચા દુનિયામાં પ્રખ્યાત થઈ. ભારતમાં પણ ચાનું મહત્વ કોઈ ઔષધિથી ઓછું નથી. માથુ દુ:ખતુ હોય તો કડક ચા, શરદી ખાંસી થઈ હોય તો આદુવાળી ચા, ત્યાં સુધી કે આળસ દૂર કરવી હોય તો પણ ચા કામ આવે છે. ચા અહીં દરરોજ જીવનમાં ઉપયોગી છે. જેના વગર લોકોના દિવસની શરૂઆત થતી નથી.'' મેં ચાની ઓષધિકીય અસર દર્શાવી.

"ગિરધરભાઈ. જેની ચા બગડી એનો દિવસ બગડ્યો એવું કહેવાય છે. ભારતમાં ચાના પ્રવેશની કહાણી દિલચસ્પ છે. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના મેજર જનરલ અરૂણાચલ પહોંચ્યા તો ફરી એક વખત તેમની તબિયત ખરાબ થતાં ત્યાંના લોકોએ તેમને દવા તરીકે ચા આપી ત્યારે આ વાત ખુલીને સામે આવી. ત્યારબાદ કોલકત્તામાં બૉટેનિકલ ગાર્ડનમાં ચાની પત્તીઓ મોકલવામાં આવી અને તપાસના બે તબક્કા બાદ છેલ્લે તેને 'આસામ ટી'ના રૂપમાં ઓળખ મળી. આ ઘટના ૧૮૩૧ થી ૧૮૩૪ વચ્ચેની છે. દેશમાં ખૂબ જ ઓછા લોકોને આ વાતની ખબર છે કે ભારતના ૧૬ રાજ્ય ચાનું ઉત્પાદન કરી રહ્યાં છે. ભારતમાં મળતી ચાની વિવિધતાની સામે આજે વિશ્વ બજારમાં ચીન પાછળ છે. ભારતમાં આસામ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરૂણાચલ પ્રદેશ, ત્રિપુરા, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, તામિલનાડુ, કેરળ, કર્ણાટક, બિહાર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને ઓડિશોમાં ચાનું ઉત્પાદન થાય છે.'' રાજુએ ટી એસ્ટેટના મેનેજર જેમ માહિતી આપી.

"રાજુ. ગુજરાતીઓને ચા પીતા જ નથી આવડતું . ચાને ખૂબ ઉકાળે છે. ચાના કપમાં દોથો ભરીને ખાંડ ધાબડે છે. એલિયમિનિયમ ઊકળીને ચાના કપમાં એલચીની જેમ ઉમેરાય છે. અંગ્રેજો કે હાઈ સોસાયટીના લોકો સર્વિસ ટી પીએ છે. કેટલાક ગામોમાં ચામાં ખાંડને બદલે ગોળ વાપરવામાં આવે છે ગુજરાત બહાર કે ભારત બહાર દૂધ વગરની ચા પીવે છે. સૌરાષ્ટ્રમાં દૂધ વગરની ચાને કાવો રહે છે. ચામાં મીઠું પણ નાંખવામા્ આવે છે. કેટલાક દેશોમાં ચામાં લીંબુ નાંખવાનાં આવે છે. ચામાં ટેનિન નામનું તત્વ હોય છે. જે સ્વાસ્થ્યને નુકસાનકારકલ છે. પચાસ સો વરસ પહેલાં ચાને દૂષણ માપવામાં આવતું હતું. ચા પીનાકનો શરાબી કે દારૂડિયાની જેમ ઉપહાસ, તિરસ્કાર કરવામાં આવતો હતો. ચાને પૃથ્વી પરનું અમૃત માનવામા્ આવે છે. કેટલાક ચાને દસમા ભક્તિ કે ચાને દસમો રસ માને છે, જે નિંદા કૂથલી કરતાં પણ લોકપ્રિય છે. સ્વર્ગમાં સોમરસ છે. પણ ચાની કિટલી , ટપરી, ગલ્લો કે અડ્ડો હોવાની માહિતી ઉપલબ્ધ નથી. ભગવાનની આરાધના કરનાર સંપતિ, સુખ, એશોઆરામ કે ઐશ્ર્વર્યની માંગણી કરે છે પણ ચા માંગી હોવાનો કિસ્સો ચિત્રગુપ્તના ચોપડે નોંધાયેલ નથી. " મેં ચા પુરાણ ખોલ્યું .

"ગિરધરભાઈ.આપણે ત્યાં વાઘબકરી ચા ફેમસ છે. તેના લોગોમાં વાઘ-બકરી દર્શાવવામાં આવેલ છે. જે દામ્પત્યજીવનની વિષમના, કારુણ્ય કે વાસ્તવિકતા બયાન કરે છે. પરંતુ, આ લોગોમાં ભૂલ છે. ઘરવાળી ( ખુદની સગી કે બહારની પારકી ઘરવાળી) બકરી હોતી નથી.ઘર બહાર વાઘસ્વરૂપ વર કે પતિ ઘરમાં પ્રવેશતા બલિનો બકરાનાં તબદિલ થાય છે. વાઘબકરી ચાના લોગોમાં વાઘણ-બકરો દર્શાવવા જોઈએ. ચાનું નામ વાધણ-બકરો રાખવું જોઈએ'' રાજુએ અવૈજ્ઞાનિક સંશોધન કર્યું!!

"રાજુ. પેલી ચાઈનીઝ ચા દા હોંગ પાઓની કિંમત તે કહી નહીં!!'' મેં રાજુને ચૂંટલી ખણી.

"ગિરધરભાઈ. આ ચા ચીનના ફુનિયાત પ્રાંતમાં થાય છે, જે દુર્લભ હોવાથી તેને રાષ્ટ્રીય ખજાનો કહેવામાં આવે છે. દા હોંગ પાઓ ચાની એક કિલોની કિંમત ૨૦૦૫માં ૧૨,૦૦.૦૦૦ઈ ડોલર ઉપજેલી. જેની ભારતીય ચલણમાં કિંમત ૯,૦૦,૦૦,૦૦૦ એટલે કે નવ કરોડ રૂપિયા થવા જાય છે!!ચીનની પાંડા ડંગ નામની ચાની એક કિલોની કિંમત રુપિયા ૫૭.૦૦.૦૦૦, સિંગારુરની સોનાના પાંદડાંની જેમ ચમકતી ગોલ્ડ ટી બર્ડસ ચાના એક કિલોના રૂપિયા ૬,૦૦,૦૦૦ છે. દાર્જિલિંગમાં ઉગતી અને જેના પાંદડા પુનમને રાતે જ ચૂંટવામાં આવે છે તેવી સિલ્વર ઈમ્પિરિયલ ચા ચાંદી જેવી ભાસે છે. જે ભારતની સર્વાધિક મોંધી ચા છે. જેની કિંમત રૂપિયા દોઢ લાખ પ્રતિ કિલો છે!!!''રાજુએ અધધધ કિંમતની ચાની વિગતો ચાની જેન પિરસી. ગરમ ગરમ ચા પીતાં મો દાઝી જાય તેવી મારી દશા થઈ!!

મારા પક્ષે અંચબિત થવા અને હેં હેં હેં કરવા સિવાય કોઈ વિકલ્પ નિર્વિકલ્પ રહે છે!!!

ભરત વૈષ્ણવ

# રીઢા ગુનેગારોને નિયંત્રણમાં લાવવા અમલી કરેલા 'મેન્ટર પ્રોજેક્ટ'ને પરિણામે મિલકત વિરૂધ્ધના ગુનાઓમાં ૨૨ ટકાનો થયો ઘટાડો





સામાન્ય રીતે વાહન ચોરી, મોબાઈલ ચોરી, ઘરફોડ ચોરી, લૂંટ જેવા મિલકત વિરૂદ્ધના ગુન્હાઓમાં પકડાયેલા આરોપીઓ વારંવાર એક જ મોડસ ઓપરેન્ડીથી ગુન્હાઓ આચરતા હોય છે. રાજયના પોલીસ વડા શ્રી વિકાસ સહાય દ્વારા સમગ્ર ગુજરાતમાં વાહન ચોરી, મોબાઈલ ચોરી, ઘરફોડ ચોરી, લૂંટ જેવા મિલકત વિરૂદ્ધના ગુનાઓ તથા નાર્કોટિક્સ દ્રઢ્ઢજી એક્ટના ગુન્હાઓમાં પકડાયેલા આરોપીઓ ઉપર સર્વેલન્સ રાખવા માટે 'મેન્ટર પ્રોજેક્ટ' શરૂ કરવામાં આવ્યો હતો. જેને પરિણામે વર્ષ ૨૦૨૩ની સરખામણીમાં ચાલુ વર્ષે મિલકત વિરૂધ્ધના ગુનાઓમાં રાજયમાં અંદાજે ૨૨ ટકાનો ઘટાડો થયો છે. સમગ્ર રાજયમાં આ પ્રોજેક્ટનો વ્યાપ વધારીને હવે 'એક આરોપી સામે એક પોલીસ મેન્ટર' એમ ૬૫૦૦ રીઢા આરોપીઓનું ડેઈલી સર્વેલન્સ રાજયના પોલીસ વડા શ્રી વિકાસ સહાયએ સુચના આપી છે. મિલકત વિરૂધ્ધ તેમજ નાર્કોટીકસના આરોપીઓની માનસિકતા હોય છે કે, ફરીથી એજ પ્રકારનો ગુનો કરવો અને આવી ગુનાહિત પ્રવૃત્તિ સતત ચાલુ રાખવી. આવા મિલકત વિરૂધ્ધ અને નાર્કોટીકસના ગુનામાં પકડાયેલા આરોપીઓની ગુનાહિત પ્રવૃત્તિ ચાલુ ન રહે તે માટે ગુજરાત પોલીસ દ્વારા મેન્ટર પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવ્યો છે. જે અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં બે અથવા બેથી વધુ મિલકત વિરૂધ્ધના ગુનામાં પકડાયેલા આરોપીઓ અને એક અથવા એકથી વધુ નાર્કોટીકસ (એન.ડી.પી.એસ)ના ગુનામાં પકડાયેલા આરોપીઓનો આ પ્રોજેકટમાં સમાવેશ કરી આવા રીઢા આરોપીઓને લીસ્ટ આઉટ કરવામાં આવ્યા છે.રાજયના પોલીસ વડા દ્વારા આ પ્રોજેક્ટ હેઠળ લીસ્ટેડ આરોપીઓ જે વિસ્તારમાં રહેતા હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનને આ મેન્ટર પ્રોજેકટના અમલીકરણ માટે જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં એક આરોપી ઉપર સ્થાનિક પોલીસ સ્ટેશનના એક પોલીસ કર્મચારીને મેન્ટર તરીકે નિમણૂક આપવામાં આવી છે. મેન્ટર તરીકે નિમણૂક પામેલા પોલીસ કર્મચારીની ત્રણ મુખ્ય જવાબદારી છે. (૧) મેન્ટરને સોંપવામાં આવેલો આરોપી ફરીથી કોઈ ગુનો ન કરે તે માટે જરૂરી સર્વેલન્સ રાખવું અને દિવસમાં ઓછામાં ઓછું ત્રણ વખત ટેકનોલોજીના ઉપયોગથી એમનું લોકેશન કયાં છે તે જાણી લેવું. (૨) આરોપીઓનું સંપૂર્ણ ડોઝીયર તૈયાર કરવું. (૩) આ આરોપીઓ ગુનાનો રસ્તો છોડી સકારાત્મક પ્રવૃત્તિમાં જોડાય તે બાબતે પ્રયત્નો કરવા.

# ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વિકાસ કાર્યોમાં ઝડપ લાવવા મેયરશ્રીની ઓચિંતી મુલાકાત



ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં વિકાસ કાર્યોને ઝડપી બનાવવાના પ્રયાસો સતત ચાલી રહ્યા છે. આ કાર્યોની ગુણવત્તા અને સમયપાલન સુનિશ્ચિત કરવા માટે મેયરશ્રી મીરા પટેલે આજે સેક્ટર-૨૩ અને સેક્ટર-૨૭ની વિવિધ સોસાયટીઓમાં ચાલી રહેલા રોડના કામની ઓચિંતી મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન મેયરશ્રીએ ચાલુ કામગીરીનું નિરીક્ષણ કર્યું અને અધિકારીઓને ગટર, પાણીની પાઈપલાઈન અને રોડનું કામ સમયમર્યાદામાં પૂર્ણ કરવાની સૂચના આપી હતી. સાથે જ કામની ગુણવત્તા જળવાઈ રહે તેની પણ ખાસ કાળજી લેવા પર ભાર મૂક્યો હતો.

# વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે થરાદના મોટી પાવડ ખાતે નવનિર્મિત હોસ્ટેલ સંકુલનું કરાયું લોકાર્પણ



સમગ્ર શિક્ષા પ્રોજેક્ટ અંતર્ગત થરાદ તાલુકાના મોટી પાવડ ખાતે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયના નવીન હોસ્ટેલ સંકુલનું લોકાર્પણ વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે કરાયું હતું. રૂ. ૮૧૫.૩૫ લાખના ખર્ચે નવનિર્મિત હોસ્ટેલ સંકુલમાં અનેક સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. એક સાથે ૨૦૦ વિદ્યાર્થીનીઓ રહી શકે તે મુજબ આધુનિક સુવિધાઓથી સજ્જ ભવનનું નિર્માણ કરાયું છે.

લોકાર્પણ કાર્યક્રમમાં અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, શિક્ષણ આશાનું કિરણ લઈને આવે છે અને શિક્ષણ થકી જ સમાજ આગળ વધે છે. ખાસ કરીને વિદ્યાર્થીનીઓ શાળા છોડ્યા પછી પણ ફરી શિક્ષણ મેળવી શકે છે તે મુજબની આજે વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. છેવાડાના ગામની દીકરીઓ આજે ડોકટર, વકીલ સહિત અનેક વિવિધ ફિલ્ડમાં આગળ વધીને પોતાના પરિવાર અને સમાજનુ નામ રોશન કરતી થઈ છે. તેમણે જણાવ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિના પરિણામો આજે આપણે જોઈ શકીએ છીએ. રાજયમાં શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી સહિત અનેક યોજનાઓ અમલી બનાવીને વડાપ્રધાનશ્રીએ હર હંમેશા દીકરીઓના શિક્ષણની ચિંતા કરી છે. વડાપ્રધાનશ્રીએ સરહદી જિલ્લા બનાસકાંઠાને શિક્ષણમાં આગળ લાવવા જહેમત ઉઠાવી છે. તેમણે કહ્યું કે, શિક્ષણ એટલે માત્ર પુસ્તકિયું જ્ઞાન નહી પરંતુ વ્યક્તિનો સર્વાંગી વિકાસ છે. ઋષિઓની પરંપરા ભારતીય શિક્ષણ સાથે જોડાયેલી છે. યોગ, ધ્યાનથી લઈને શારીરિક કૌશલ્ય શીખવાડવાનું કામ શાળાઓમાં થઈ રહ્યું છે. વિદ્યાર્થીઓને માતૃદેવો ભવ: પિતૃદેવો ભવ: તથા અતિથિ દેવો ભવ: ના સંસ્કાર ઘર સાથે શાળાઓમાં પણ આપવામાં આવે તે જરૂરી છે. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, શિક્ષણની સાથે સમાજમાં વ્યસન મુક્તિ તરફ લોકો આગળ આવે તથા તેને એક અભિયાન રૂપે આગળ વધારવા અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં કસ્તુરબા ગાંધી વિદ્યાલયમાં અભ્યાસ કરેલ વર્તમાનમાં ઉચ્ચ અભ્યાસ કરી રહી છે તેવી દીકરીઓનું સન્માન વિધાનસભાના અધ્યક્ષશ્રી તથા મહાનુભાવોના હસ્તે કરાયું હતું. આ કાર્યક્રમમાં પૂર્વ સાંસદશ્રી પરબતભાઈ પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી વિનુભાઈ પટેલ, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેનશ્રી બાબરાભાઈ ચૌધરી, મામલતદારશ્રી,તાલુકા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા અગ્રણીશ્રી ડી.ડી.રાજપૂત,શ્રી વિજય ચક્રવર્તી, શ્રી રૂપશીભાઈ પટેલ, ખેડૂત અગ્રણીશ્રી મદન પટેલ, એ.પી.એમ.સી થરાદના ડાયરેકટરશ્રીઓ સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એમસીએફ ખાતે ડાયાબિટીસ અને હ્રદયરોગ રોકવા તેમ જ ઓર્ગન ડોનેશન અંગે પરિસંવાદ



બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા ડાયાબિટીસ અને હ્રદયરોગ રોકવા તેમ જ ઓર્ગન ડોનેશન અંગે પરિસંવાદનું તાજેતરમાં આયોજન કરાયું હતું. ડૉ. રજત મોદી અને ડૉ. ચંદ્રકાંત લાલન દ્વારા સંબંધિત જાણકારી આપવામાં આવી હતી. અતિથિ વિશેષ તરીકે એમસીએફના જોઇન્ટ સેક્રેટરી નરેશ મોતા હાજર રહ્યાં હતા. કાર્યક્રમનું સંચાલન પંકજ અજમેરાએ કર્યું હતું.

## જંત્રીના વિરોધમાં ગાંધીનગરના બિલ્ડરો મેદાને

# રાજ્યમાં જંત્રીના દરમાં કરાયેલા વધારાનાં વિરોધમાં ગાંધીનગરના બિલ્ડરો પણ મેદાને, કલેકટરને આવેદન આપી રજૂઆત કરી



રાજ્ય સરકાર દ્વારા નવી સૂચિત જંત્રીમાં સરેરાશ ૨૦૦થી ૨૦૦૦ ટકા સુધીનો વધારો ઝીકી દેવામાં આવ્યો છે. આ જંત્રીના અમલ સામે ક્રેડાઇ અને બિલ્ડર એસોસિએશન દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. જે અન્વયે અન્ય જિલ્લાઓની માફક આજે ગાંધીનગરના બિલ્ડરો દ્વારા કલેકટરને આવેદન પત્ર આપી જંત્રી વધારો પાછો ખેંચવા તેમજ આ જંત્રીનો અમલ ૩૧ માર્ચ સુધી રોકી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે.રાજય સરકાર દ્વારા જંત્રીના ભાવોમાં તોતિંગ વધારો ઝીકી દેવામાં આવતા ક્રેડાઇ દ્વારા વિરોધ કરાઈ રહ્યો છે. જે અન્વયે આજે અન્ય જિલ્લાની માફક ગાંધીનગરના બિલ્ડરો દ્વારા પણ કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. આ અંગે ક્રેડાઇ ગાંધીનગરનાં ચેરમેન પ્રવીણ પટેલ અને પ્રેસિડેન્ટ જશુભાઈ પટેલે સહિતના બિલ્ડર્સ દ્વારા કલેકટરને આવેદન આપવામાં આવ્યું છે.

આ અંગે ક્રેડાઇ ગાંધીનગરનાં પ્રેસિડેન્ટ જશુભાઈ પટેલ સહિતના બિલ્ડર્સ દ્વારા જણાવાયું કે, રાજયના સર્વાંગી વિકાસમાં બાંધકામ વ્યવસાય સૌથી વધુ પ્રદાન આપી રહેલ મહત્વનું સેકટર છે. જેની સાથે ૨૮૦ થી વધુ નાની મોટી ઈન્ડસ્ટ્રીઝ નભે છે. સંસ્થામાં શહેરના ૩૫૦ ડેવલપર્સ સભ્ય તરીકે નોંધાયેલા છે. રારકાર દ્વારા હજુ થોડા સમય પહેલા જ જંત્રીના દરમા ધરખમ વધારો કરેલ હોવા છતાં પ્રવર્તમાન દરમાં ૨૦૦% થી ૨૦૦૦%નો તોતિંગ અને અસહ્ય ધરખમ વધારો કરીને તા. ૨૦/૧૧/૨૦૨૪ ના રોજ સૂચિત જંત્રી બહાર પાડેલ છે.રાજયમાં આશરે ૪૦ હજારથી વધુ વેલ્યુ ઝોન છે અને આ જંત્રી ફરી તૈયાર કરવા માટે સરકારશ્રીએ પોતાની તમામ ટેકનીકલ ટીમ અને મશીનરીના સહયોગ હોવા છતાં ૧૮ માસનો સમય થયેલ હોવાનું જણાયેલ છે. આમ છતાં તે અંગેના વાંધા રજુ કરવા અંગે ફક્ત ઓનલાઈન પોર્ટલની સુવિધા ઉપલબ્ધ છે. અને તે માટેનો સમય ફક્ત ૬૦ દિવસનો જણાવેલ છે. જંત્રી સાયન્ટીફીક રીતે તૈયાર કરેલ હોવાથી સરવાળે ખેડૂત, મિલકત ખરીદનાર,સામાન્ય પ્રજાજનો અને વિકાસકર્તા ઉપર વધારાનું આર્થિક ભારણ વધશે.વધુમાં તેમણે ઉમેર્યું કે, પ્રાથમિક તારણ મુજબ આટલા મોટા પ્રમાણના વેલ્યુ ઝોનની જંત્રીનો સંપૂર્ણ અભ્યાસ કરવા અને તે માટેના વાંધા રજુ કરવા આપેલ સમય મર્યાદા ખુબ જ અપૂરતી છે. ઓનલાઈન પદ્ધતિ પણ કેટલા અંશે વ્યવહારિક છે તે પણ સામાન્ય પ્રજા અને ખેડૂતના હિતમાં જોતા કેટલો વ્યાજબી છે તે એક પ્રશ્ન છે.

# રોજગાર વાન્છું ઉમેદવારો માટે રોજગારની તક : ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતે ૧૩ મી ડીસેમ્બરે જોબફેરનું આયોજન,

ગાંધીનગરનાં સહયોગ સંકુલ જિલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતે ૧૩ મી ડિસેમ્બરના રોજ સવારે સાડા દસ કલાકે સુઝુકી મોટર ગુજરાત પ્રા.લી કંપની માટે ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો યોજવામાં આવશે. જેમાં ધોરણ - ૧૦ અને ૧૨ પાસ થયેલા ઉમેદવારો ભાગ લઈ શકશે.

ગાંધીનગરનાં સહયોગ સંકુલ જિલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતે ૧૩ મી ડિસેમ્બરના રોજ સવારે સાડા દસ કલાકે સુઝુકી મોટર ગુજરાત પ્રા.લી કંપની માટે ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો યોજવામાં આવશે.




જિલ્લા રોજગાર વિનિમય કચેરી/મોડલ કેરિયર સેન્ટર ગાંધીનગર દ્વારા સુઝુકી મોટર ગુજરાત પ્રા.લી કંપની માટે રોજગાર ભરતી મેળાનું આયોજન કરાયું છે. જેમાં ધોરણ - ૧૦ અને ધોરણ - ૧૨ પાસ થયેલા ઉમેદવારો ભાગ લઈ શકશે. ઉલ્લેખનીય છે કે, આ ભરતી મેળા દરમિયાન ટ્રેઈની માટેની જગ્યા અંતર્ગત ભરતી યોજાનાર છે. રોજગારવાન્છું યુવાનો વિવિધ રોજગારીની તકોથી વંચિત ન રહે અને નોકરીની સાથે અભ્યાસ કરી આઈ.ટી.આઈનું સર્ટીફીકેટ પણ મેળવી શકે છે. જયાં રહેવા અને જમવાની સુવિધા વિના મુલ્યે કરી આપવામાં આવશે.

નોકરીદાતાને રોજગાર કચેરી દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઈ શકે તે હેતુસર રોજગાર ભરતીમેળા અંગે જિલ્લા રોજગાર વિનિમય કચેરી,ગાંધીનગર દ્વારા આગામી સમયમાં આયોજન થનાર છે. જેથી ભરતીમેળાનો લાભ લેવા જણાવવામાં આવે છે. ઉપરોક્ત યોજાનાર રોજગાર ભરતીમેળામાં જિલ્લાના તમામ રોજગારવાન્છું ઉમેદવારોને મોટી સંખ્યામાં ભાગ લેવા પણ જણાવવામાં આવે છે.

# રાધનપુર, સાંતલપુર અને વારાહી પોલીસે પકડેલા ૧૮ લાખથી વધુની કિંમતના વિદેશી દારૂનો નાશ કરાયો



પાટણ જિલ્લાના રાધનપુર ખાતે પોલીસ દ્વારા અલગ અલગ જગ્યાએથી પકડાયેલો ઈંગ્લિશ દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. રાધનપુર ખાતે આવેલ મહેસાણા હાઈવે ઉપર ચામુંડા માતાજીના મંદિર પાસે ઈંગ્લિશ દારૂ ઉપર ફૂલ ડોઝર ફેરવી નાશ કરવામાં આવ્યો જેમાં રાધનપુર પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલો દારૂ સાતલપુર પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલો દારૂ અને વારાહી પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલો દારૂ રાધનપુરના ડીવાયએસપી ડીડી ચૌધરીઅને રાધનપુર પ્રાંત અધિકારી, સીપીઆઈ અને પોલીસ સ્ટાફ ની ઉપસ્થિતિમાં ઈંગ્લિશ દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ઈંગ્લિશ દારૂની બોટલ ૧૫, ૧૮૭ જેની કિંમત ૧૮,૮૪,૮૨૪ જેની કિંમત જેમાં ત્રણેય પોલીસ સ્ટેશનમાંથી અલગ અલગ ૨૭ ગુનાઓ નોંધાયેલા જેનો ઈંગ્લિશ દારૂનો નાશ કરવામાં આવ્યો હતો




સરકારી વિનયન કૉલેજ, અમીરગઢમાં આવતી કાલથી તારીખ ૧૦/૧૨/૨૦૨૪ અને ૧૧/૧૨/૨૦૨૪ બે દિવસ માટu UGC NAAC (NAAC stands fro National Assessment and Accreditation Council)ટીમ બીજી સાયકલ માટે મુલાકાત લેશે, જેમાં કોલેજની ભૌતિક તેમજ શૈક્ષણિક બાબતોનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરવામાં આવશે. જેમાં યુજીસી, દિલ્હીથી ત્રણ સભ્યોની ટીમ આવનાર છે, જેને લઈને કૉલેજ પરિવાર દ્વારા સમગ્ર તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. પ્રથમ દિવસે NAAC ટીમનું સ્વાગત, પ્રિન્સીપાલ દ્વારા તેમજ IQAC કો ઓર્ડીનેટર દ્વારા પીપીટી પ્રેસેન્ટેશન આપવામાં આવશે તેમજ વિદ્યાર્થીઓ સાથે અને વાલીઓ સાથે દ્ગછ૭છઝ ટીમ ની મિટિંગ અને સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. અંતિમ દિવસે NAAC ની સ્ટાફ સાથેની વાતચીત અને એકઝીટ મીટિંગ રહેશે. દ્વઝ્રએ ગાંધીનગરના પ્રતિનિધિ તેમજ ૐદ્બરૂ ના પ્રતિનિધિઓ અને કોલેજ સ્ટાફ પરિવાર સહભાગી થશે. NAAC ટીમને કોલેજના આચાર્ય શ્રી ડો.એન.કે.સોનારા સાહેબ દ્વારા સ્વાગત કરવામાં આવશે...




શ્રી જોષીપુરા ઉન્નતિ મંડળ(કર્ણાવતી-ગાંધીનગર) આયોજીત ૨૬મુવાર્ષિક સ્નેહ-સંમેલન તા.૦૮-૧૨-૨૦૨૪ ને રવિવારે શ્રી રામજીમંદિર,મહાદેવનગર, વસ્ત્રાલ ખાતે યોજાયું જેમાં તેજસ્વી તારલાઓનું સન્માન જોષીપુરા ગામના વતની અને વસ્ત્રાલના ભા.જ.પ કાર્યકર હિંમતભાઇ પટેલના પ્રમુખ સ્થાને સાંસ્કૃતિક કાર્યક્રમ તથા વિધાર્થીઓને ઈનામ કાર્યક્રમ યોજવામાં આવ્યાં હતા.

# માંડલના આંગણે તા.૩૧મી ડિસેમ્બરથી ત્રિવેણી મહાધર્મોત્સવનો આરંભ થશે

## ખંભલાય ધામમાં ૩૬ ભૂદેવો દ્વારા ૩૬ દિવસના અનુષ્ઠાનની પૂર્ણાહુતિ : ભૈરવદાદાની મુર્તિ, ત્રિશૂળ અને ડમરુંની સ્થાપના કરાશે

। માંડલ । (સં.ન્યુ.સ)

માંડલ નગરમાં આવેલ કુત્સસ ગૌત્ર પરિવારના કુળદેવી શ્રી ચામુંડા સ્વરૂપ ખંભલાય માતાજીના આંગણે ડીસેમ્બર/જાન્યુઆરીમાં ફરી એકવાર મહામુલો અવસર યોજાવા જઈ રહ્યો છે. માતાજીના પ્રાગટ્ય સ્થાનક સરોવર મધ્યે ખંભલાય માતાજી મંદિરના પરિસરમાં આગામી તા.૩૧મી ડીસેમ્બરથી ત્રિવેણી મહાધર્મોત્સવ યોજાવાનો છે. માંડલ ખંભલાય માતાજીના મંદિર ઉપરના નૃત્યમંડપ અને શીખરના થઈ કુલ ૧૫૩ સુવર્ણ કળશ પધરાવવામાં આવશે. ગુજરાતનું ત્રીજું મંદિર સંપુર્ણ સુવર્ણ કળશ સાથે માંડલનું બનવા જઈ રહ્યું છે. ત્યારે સરોવર મંદિરે વિશ્વની સૌથી મોટી ભૈરવદાદાની પ્રતિમા, ત્રિશુળ અને વિશાળકાય ડમરું જેની સ્થાપના થવાની છે. અહીં રુરુ ભૈરવદાદાનું સૌથી મોટું મંદિર લાખોના ખર્ચે બનશે જેનું ડોનેશન પણ એનઆરઆઈ ભક્તો દ્વારા ટ્રસ્ટને પ્રાપ્ત થઈ રહ્યું છે. આગામી તા. ૩૧મી ડીસેમ્બરથી તા. ૫મી જાન્યુઆરી સુધી ૬ દિવસીય શ્રી સુવર્ણ કળશ, શ્રી રૂરૂ ભૈરવ પ્રાણપ્રતિષ્ઠા શ્રી મહાશક્તિ સહસ્ત્રચંડી ભૈરવયજ્ઞના આ મહામુલા પ્રસંગના પુર્વે કારતક સુદ-૧ એટલે કે નુતન વર્ષથી સરોવર પરિસરમાં ૩૬ ભુદેવો, ૧ આચાર્ય અને બે ઉપાચાર્ય જેઓ દ્વારા ૩૬ દિવસીય પાઠાત્મક અનુષ્ઠાન કરવામાં આવ્યું હતું. જેની પુર્ણાહુતિ





તા.૮મીએ થઈ હતી. આ ૩૬ દિવસના અનુષ્ઠાનમાં ભુદેવોએ ૫ હજાર દુર્ગાસપ્તસતી અને ૨૭ લાખથી વધુ ભૈરવદાદાના વેદોક્ત મંત્રોચ્ચાર કરાયો હતો. રવિવારે માંડલ ધામમાં પાઠાત્મક અનુષ્ઠાનની પુર્ણાહુતિ પ્રસંગે શ્રી ખંભલાય માતાજી ટ્રસ્ટ દ્વારા તમામ ભુદેવોને સાડી,વસ્ત્રો,કિચન સેટ, જીવનજરુરી બીજી ભેટો સહિત બહુમુલ્ય ભેટસોગાદો તેમજ આર્થિક પ્રોત્સાહન પણ ભુદેવોને આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે આગામી પ્રસંગના મુખ્ય યજમાન નયનાબેન પીયુષભાઈ રાવલ, મંદિર ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈ રાવલ, માનદમંત્રી મુકેશભાઈ રાવલ અન્ય ટ્રસ્ટીગણ તેમજ મોટી સંખ્યામાં માઈભક્તો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. આગામી તા.૩૧મીથી યોજાનાર પ્રસંગે ૧ મુખ્ય યજમાન, ૮ સહાયક યજમાન મળીને કુલ ૧૫૩ યજમાન પરિવારો બિરાજમાન થશે, તેમજ વિદ્વાન ભુદેવો દ્વારા આ ૬ દિવ્સીય હોમાત્મક અનુષ્ઠાનનું સંચાલન કરાશે. આ પ્રસંગની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ટ્રસ્ટી મંડળ દ્વારા કાચી ઈંટો અને ગારમાટીની વેદોક્ત યજ્ઞકુંડીઓ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર બનાવાઈ રહી છે. માંડલની પાવન ભુમિ ઉપર યોજાઈ રહેલ શ્રી સુવર્ણ કળશ શ્રી રૂરૂ ભૈરવ પ્રાણપ્રતિષ્ઠા શ્રી મહાશક્તિ સહસ્ત્રચંડી ભૈરવયજ્ઞ પ્રસંગે નગરમાં ભવ્ય શોભાયાત્રા યોજાશે, મંદિરો ઉપર પુષ્પવર્ષા કરાશે તેમજ વિશ્વની સૌથી ઉંચી ભૈરવ પ્રતિમા પ્રતિષ્ઠા સહિત અનેક રેકોર્ડ આ મંદિર પોતાના નામે કરશે, તેમજ સને.૨૦૨૫માં ખંભલાય ટ્રસ્ટ દ્વારા લક્ષ્યચંડી મહાયજ્ઞનું ભવ્ય ધર્મકાર્ય યોજાશે. આમ ડીસે/જાન્યુઆરીમાં યોજાનાર આ પ્રસંગથી સમગ્ર નગરમાં ધાર્મિક વાતાવરણ ઉભું થશે અને દેશદેશાવરથી મોટી સંખ્યામાં માઈભક્તો ઉમટી પડશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.